# પાલનપુરમાં આવાસ યોજનાના ડ્રો-માં લાગેલું મકાન બીજા પરિવારે પચાવી પાડ્યું



પાલનપુર, પાલનપુરમાં રહેતા એક પરીવારને આવાસ યોજનાના ડ્રોમાં મકાન મળ્યું હતુ. જોકે, પરિવાર મકાનમાં રહેવા જાય તે પહેલા અન્ય વ્યક્તિએ કબ્જો કરી લેતા મકાન માલીકે પાલિકાને રજુઆત કરી હતી. સરકાર દ્વારા ગરીબ પરીવારોને ઘરનું ઘર મળે તે માટે પાલનપુર માલણ દરરજા વિસ્તારમાં ફ્લેટ સિસ્ટમથી રાજીવ ગાંધી આવાસ યોજનામાં ૨૦૦ ઉપરાંતના મકાનો બનાવાયા છે. જેમાં ઝુંપડપટ્ટીમાં રહેતા અને ગરીબ પરિવાર માટે નોંધણી કરાઈ હતી. પાલિકા દ્વારા ડ્રો સિસ્ટમથી મકાનોની ફાળવણી કરાઈ હતી. જેમાં પાલનપુર અશોક સોસાયટીમાં રહેતા અને મજુરી કરતા દાડમબેન જીવરાજભાઈ વાઘેલાને ડ્રોમાં મકાન લાગ્યું હતુ. મકાનની ભરવાપાત્ર રકમ પાલિકામાં જમા કરાવી હતી. પરંતુ પાલિકા દ્વારા દાડમબહેનને મકાનનું પઝેશન અપાયું નથી. તેમને મળેલા આવાસમાં બીજા પરિવારે કબજા કરી લીધો છે. જેથી આ અંગે દાડમબહેનના પરિવારએ અવાર-નવાર નગરપાલિકામાં રજુઆત કરવા છતા પાલિકા દ્વારા પ્રશ્નનો નિકાલ કરવામાં આવતો ન હોવાના દાડમબહેનના પરિવારે આક્ષેપ કર્યા હતા. તેમજ જે વ્યક્તિને આવાસ ફળવાયું છે તેને પઝેશન નથી અપાયુ તો કબજા કરનારને કેવી રીતે પઝેશન અપાયુ તે એક મોટી પ્રશ્ન છે.

# ૪૦ દિવસ પછી ફરી મુસ્લિમ વિસ્તારો બંધ, આ વખતે પહેલીવાર હાઈવેની હોટલો પણ ન ખુલી

વડોદરાઃ ઝછછ અને દ્રઇઝના વિરોધમાં બુધવારે અપાયેલા બંધના એલાન દરમિયાન ૪૦ દિવસ પછી ફરીવાર વડોદરાના મુસ્લિમ વિસ્તારોમાં દુકાનો બંધ જોવા મળી હતી. આ વખતે પહેલી વખત નેશનલ હાઈવે પરની ચિલીયા ગ્રુપની હોટલોએ પણ બંધ પાળ્યો હતો. ચાર દરવાજા વિસ્તાર, તાંદલજા, રાવપુરા તેમજ શહેરમાં જ્યાં પણ મુસ્લિમ વેપારીઓની દુકાનો હતી તેમણે પોતાની દુકાનો બંધ રાખી હતી. બંધના એલાનના પગલે શહેર પોલીસે પણ ચાર દરવાજા વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત રાખી પેટ્રોલીગ કર્યુ હતું. ઉલ્લેખનિય છે કે, ૨૦ ડિસેમ્બરના રોજ હાથીખાના વિસ્તારમાં નાગરીક સુધારા બીલ અંગે વિરોધ સાથે ભેગા થયેલા ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરતા શહેરની શાંતી ડહોળાઈ હતી. ઘણાં વિસ્તારોમાં વિરોધ થયો જમીયતે ઉલેમાએ હિંદ સહિતની અન્ય સંસ્થાઓ દ્વારા અપાયેલા બંધના પગલે વહેલી સવારથી જ મુસ્લિમ સમાજના વેપારીઓએ પોતાની દુકાનો ખોલી ન હતી. બંધના પગલે અસામાજીક તત્વો કોઈ ભાંગફોડ પ્રવૃત્તી ન કરે તે માટે પોલીસે ચાર દરવાજા વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દિધો હતો. બીજી તરફ નવાયાર્ડ વિસ્તારમાં દુકાનો બંધ કરાવવા નિકળેલા બહુજન ક્રાંતી મોરચાના પાંચેક વ્યક્તિઓની પોલીસે અટકાયત કરી હોવાનું પોલીસ કર્મચારીઓએ જણાવ્યું હતું. જ્યારે બંધના પગલે શહેરમાં કોઈ અઘટીત ઘટના બની ન હતી. નેશનલ હાઈવે પર બુધવારે મોટાભાગની હોટલો બંધ રહી હતી. કેટલીક હોટલોના માલિકોએ હોટલોની બહાર 'દેશ બચાવો સંવિધાન બચાવો'ના પોસ્ટર પણ માર્યા હતા. તાંદલજા વિસ્તારમાં મુસ્લિમ વેપારીઓ દ્વારા રસ્તા પર માનવસાંકળ રચીને એનઆરસી, સીએએ અને એનપીઆરનો વિરોધ કર્યો હતો. પોલીસે દેખાવો કરતાં ૧૦થી વધુ મુસ્લિમ વેપારીઓની અટકાયત કરી હતી.



**Nandini Texcom (India) Limited**
B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002
Phone : 0261-4004596, Email : nandinitexcom@hotmail.com
CIN : L65910GJ1994PLC021165 www.nandinitex.com

**Notice**

Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company (vide serial no. NTIL/BM/Q4/19-20/5) is scheduled to be held on Tuesday, the 11th Day of February, 2020 at 5.00 P.M. at registered office of the Company B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002 IN, Gujarat.
To consider and inter alia to approve the quarterly un-audited Result and limited review reports of the Company for the quarter ended on 31.12.2019 and any other matter with the permission of chair.

For, on the behalf of the board
Sd/-
ASHOKKUMAR R. TEKRIWAL
(Managing Director)

Place : Surat
Date: 03-02-2020

**KEMISTAR CORPORATION LIMITED**
CIN: L24233GJ1994PLC022845
Registered Office: 604, Manas Complex, Near Jodhpur Cross Road Satellite, Ahmedabad Gujarat- 380015
Email: kemistarbse@gmail.com Web: www.kemistar.in

**NOTICE**

Notice is hereby given Pursuant to Regulation 29 read with Regulatio 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements Regulations, 2015, that the Meeting of the Board of Directors of th Company will be held on Friday, February 14, 2020 at the registere office of the Company, interalia, to consider & approve the Consolidate and Standalone unaudited Financial Results for the quarter ended o December 31, 2019.
The information contained in this notice is also available on the company' website at www.kemistar.in and on the website of Bombay Stock Exchang at www.bseindia.com

FOR KEMISTAR CORPORATION LIMITED
Sd/-
Ketankumar Patel
Managing Director
(DIN 01157786)

Date : February 04, 2020
Place: Ahmedabad

સનગોલ્ડ કેપીટલ લી.
(CIN:L65910GJ1993PLC018956)
રજી. ઓફીસ : હાઉસ નં.૭/૧૩ વ્હાઈટ ટાવર સામે.સ્ટેશન રોડ નાન્દોદ. રાજપીપલા

ભારત કો ઓપરેટીવ બેંક (મુંબઈ) લીમીટેડ
( મલ્ટી સ્ટેટ શીડયુલ બેંક )
સેન્ટ્રલ ઓફિસ : મારૂતગીરી, પ્લોટ નં. ૧૩૯/એ, સોનાવાલા રોડ, ગોરેગાંવ (પૂ), મુંબઈ-૪૦૦... ટેલી: ૬૧૮૯૦૦૮૯/૬૧૮૯૦૧૩૪